જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૦/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૭૧ લીટર દેશી દારૂ, ૩૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૩૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૧૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૩૪/૧૬

**સેટેલાઇટ** : ચિંતનભાઇ કાંતીલાલ પ્રજાપતી (ઉ.વ.૩૧)(રહે, પ્રેરણા બંગ્લોઝ, આંબેડકર હોલની સામે, સરસપુર) એ તા.૨૧/૧૦/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૮/૧૬ ના કલાક ૧૨/૦૦ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી હિમાંશુ ધીરજલાલ મરડીયા (૨) શીતલ હિમાશુ મરડીયા અને (૩) કિર્તીબેન ધીરજલાલ મરડીયા (તમામ રહે, ઓર્ચીડ પાર્ક, વાઇડ ફીલ્ડ, એપાર્ટમેન્ટ, વોડાફોન હાઉસ પાસે, પ્રહલાદનગર સેટેલાઇટ) ભેગામળી ચિંતનભાઇની સેટેલાઇટ શીવરંજની ચાર રસ્તા પાસે આવેલ એ-બી ઝવેલર્સ પ્રા.લી.કંપનીમાંથી (૧) સોનાનો સેટ કિંમત રૂપિયા ૧,૪૨,૫૩૦/- (૨) સોનાની ચેઇન તથા સોનાનું પેન્ડલ સેટ જે બંન્નેની કિંમત રૂપીયા ૬૩,૬૮૦/- (૩) સોનાની બંગડી કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૧,૨૧૦/- મતાનાં દાગીનાંની ખરીદી પેટે આપેલ ચેક રીટર્ન થયેલ હોઇ, જે બાબતે હિમાંશુ મરડીયા નાઓને ફોન કરતાં બે દિવસમાં રોકડ આપી દઇશ, તેમ કહેવા છતાં આજદિન સુધી પેમેન્ટ નહીં આપી, ચિંતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૩૫/૧૬**

**પાલડી** : પ્રશાંતભાઇ નરસિંહમન (ઉ.વ.૫૬) (રહે, ગ્રાઉન્ડ ફ્લોર શારદાનગર સોસાયટી વિકાસગૃહ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૦/૧૬ રાતના ૮/૦૦ થી તા.૨૦/૧૦/૧૬ રાતના ૯/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લોખંડનાં કબાટમાંથી સોની કંપનીનો મુવીંગ કેમેરો કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, ચાંદીના સિક્કા નંગ-૧૦ કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે

**નરોડા** : જશીબેન રમેશભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે,શ્રી પ્રકાશ સોસાયટી, પંચદેવ મંદીરની બાજુમાં નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરી તથા કબાટનાં ડ્રોઅરમાંથી સોનાના અલગ-અલગ દાગીના કિંમત રૂપિયા ૨,૬૭,૦૦૦/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૮૨,૦૦૦/- ના મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૩૬/૧૬**

**નારણપુરા**ઃ શાંતાબહેન તે રમેશચંન્દ્ર ગોપાલદાસ શાહની વિધવા પત્ની (ઉ.વ.૭૫)(રહે,રંગ ઉપવન સોસાયટી, મેઘાલય ફ્લેટની સામે, નારણપુરા) તા.૨૦/૧૦/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા લખુડી ચાર રસ્તાથી નવરંગ સર્કલ તરફ જતા રોડ ઉપર અંજલી ડ્રેસ મટીરિયલ નામની દુકાન સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શાંતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતાબહેન શાહે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પારગી ચલાવે છે.

**નિકોલ** : ગૌરીબહેન બાબુભાઇ પટેલ (રહે,શ્યામવીલા-૨, દેવસ્ય સ્કુલની બાજુમાં નિકોલ) તા.૨૧/૧૦/૧૬ નાં કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ફ્લેટનાં ગેટ આગળ ઉભા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગૌરીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગૌરીબહેન શાહે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)